# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-07-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ – સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા રાજ્યો અને શહેરોને "સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર" એનાયત કર્યા. સ્વચ્છ સર્વેક્ષણ 2024ની યાદી જાહેર થતાં 10 લાખથી વધુ વસ્તી ધરાવતા સ્વચ્છ શહેરોની શ્રેણીમાં અમદાવાદ સર્વોચ્ચ સ્થાને રહ્યું છે. જ્યારે 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સુપર સ્વચ્છ લીગમાં સુરત શહેર દેશભરમાં બીજા ક્રમે અને મધ્યપ્રદેશનું ઈન્દોર શહેર પહેલા ક્રમાંકે રહ્યું છે. આ જ કેટેગરીમાં 3 લાખથી 10 લાખની વસ્તી ધરાવતા શહેરોમાં ગાંધીનગર પાંચમા ક્રમે રહ્યું છે.

આ પ્રસંગે સંબોધન કરતાં સુશ્રી મુર્મૂએ કહ્યું, સ્વચ્છતા એ દેશની સાંસ્કૃતિક ચેતનાનો પાયો છે. દરમિયાન તેમણે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રયાસોની પ્રશંસા કરતા સ્વચ્છ સર્વેક્ષણ એક સફળ પહેલ સાબિત થઈ હોવાનું જણાવ્યું છે.

**-------------------------------------------------------------------------------------------**

## કચ્છ : સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ - 2025

કચ્છમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૫ માટે હાથ ધરવા આયોજન ઘડાયું છે.

જેમાં ટીમ દ્વારા શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, જાહેર જગ્યાઓ, શાકમાર્કેટ, જાહેર રસ્તા, ગ્રામ પંચાયત કચેરી, વ્યક્તિગત અને સામૂહિક પ્રતિભાવો, વ્યક્તિગત અને સામૂહિક સ્વચ્છતા, ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન વગેરેનું મૂલ્યાંકન કરવામાં આવશે. તેમજ વ્યક્તિગત-સામૂહિક શૌચાલય, ડોર ટૂ ડોર કચરાનું એકત્રિકરણ અને વિભાજન, પ્લાસ્ટિક

કચરાનું એકત્રિકરણ અને વિભાજન, તેમજ સ્વચ્છતા બાબતે પ્રચાર-પ્રસાર કરી જાગૃત્તિ લાવવામાં આવશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા આ માટે દરેક ગામને કટિબદ્ધ થવા કચરાનો વૈજ્ઞાનિક ઢબથી નિકાલ થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવ્યું છે. પોતાના ગામ, તાલુકા અને જિલ્લાને સ્વચ્છતામાં અવ્વલ નંબર અપાવવા માટે નાગરિકો પોતાના મોબાઈલમાં પ્લેસ્ટોરમાંથી SSG--૨૦૨૫ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરીને સરળ ભાષામાં વધુમાં વધુ પ્રતિભાવ આપવા અપીલ કરવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

## ભૂકંપનો આંચકો

ભચાઉ તાલુકામાં આજે બપોરે એક વાગીને સાત મિનિટે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર આ આંચકાની તીવ્રતા 3.2 ની નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી 11 કિલોમીટર દૂર નેર ગામ પાસે નોંધાયું હતું. તાજેતરમાં 8 મી જુલાઈએ ખાવડાથી 65 કિલોમીટર દૂર આંતરરાષ્ટ્રીય સરહદ પર 2.7ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો.

ઉલ્લેખનીય છે કે, ભૂકંપ ઝોન-5માં આવતા કચ્છ જિલ્લામાં સમયાંતરે ભૂકંપના આંચકા અનુભવાતા રહે છે. વર્ષ 2001માં આવેલા વિનાશક ભૂકંપ બાદથી આ વિસ્તારમાં નાના-મોટા આંચકાઓનો સિલસિલો યથાવત રહ્યો છે.

----------------------------------------------------------------------------------------

## ગાંધીધામ : નેત્રમ

વધતી ગુનાખોરી અટકાવવા માટે નેત્રમ કેમેરા ખુબ ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. ત્રિ-માસિક સમયગાળામાં કેમેરાની મદદથી ગુનાખોરી અટકાવવામાં મળેલી સફળતા અન્વયે પૂર્વ કચ્છ જિલ્લાનો રાજ્યમાં પ્રથમ નંબર આવ્યો છે.

પૂર્વ કચ્છમાં ગાંધીધામ ખાતે નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ કાર્યરત છે. દર ત્રણ મહિને નેત્રમ કામગીરીનું મુલ્યાંકન કરવામાં આવે છે. જેમાં કેમરાની મદદથી ગુના શોધન માટેની

શોધ કેટેગરીમાં સમગ્ર ગુજરાતમાં ગાંધીધામ નેત્રમને  પ્થમ નંબર મળ્યો છે. ત્રિ-માસિક સમયગાળામાં ચોરી, લૂંટ, મારામારી, હત્યા સહિતના અનેકવિધ ૪૧૮ ગુના ઉકેલવામાં આવ્યા છે. જ્યારે અત્યાર સુધીમાં નેત્રમની મદદથી ૨ હજારથી વધુ ગુનાઓનો ભેદ ઉકેલાયો હોવાની જાણકારી મળી છે.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગરપાલિકા –ક્ષતિગ્રસ્ત રસ્તાઓની કામગીરી

ગાંધીધામમાં મહાનગપાલિકાના કમિશનર મેહુલ દેસાઈએ વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ રસ્તાઓના રીપેરીંગની કામગીરીનું નિરીક્ષણ કરીને સમીક્ષા કરી હતી. ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ વોર્ડમાં રોડ રસ્તાઓ, સાફસફાઈ તેમજ પેવર બ્લોક ફિટિંગની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે.

કમિશનરે રસ્તાની કામગીરીના નિરીક્ષણ દરમિયાન ઉપસ્થિત સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સ પાસેથી વર્તમાન કામગીરીની વિગતો મેળવી હતી. નાગરિકોને પરિવહન સુવિધાઓ સુદઢ રીતે ઉપલબ્ધ થાય તેને પ્રાથમિકતા આપીને કામગીરી કરવા પર તેમણે ભાર મૂક્યો હતો.

---------------------------------------------------------------------------------

## વીજ કરંટથી બે મજૂરોના મૃત્યુ

ભુજ-માધાપર ધોરીમાર્ગ પરની એક ખાનગી હોટલમાં કડિયાકામ અને ક્લરકામ કરતી વખતે વીજળીની લાઇનના સંપર્કમાં આવતાં બે મજૂરનાં મોત નિપજ્યા છે, જ્યારે એક કામદાર ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કામ દરમિયાન આ ત્રણે જણ  ભારે વીજલાઇનના સંપર્કમાં આવતાં વીજકરંટથી ઘાયલ થતાં તુરંત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. પરંતુ સારવાર

દરમિયાન બે મજુરોએ દમ તોડી દીધો હતો. આ મામલે ભુજ બી ડિવિઝન પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

---

## હમીરસર તળાવ

ભુજ શહેરના હૃદય સમાન હમીરસર તળાવના પાણીને સ્વચ્છ રાખવા માટે ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ દોઢ લાખ માછલીઓ નાખવામાં આવશે. કચ્છ વિકાસ ટ્રસ્ટને આ કામગીરી સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સામાન્ય રીતે વરસાદી પાણી સાથે માછલીઓ પણ આવતી હોય છે. પરંતુ, આ વખતે પાણીમાં માછલીઓ પૂરતા પ્રમાણમાં આવી નથી, જેથી પાણીનો રંગ બદલી રહ્યો હોવાથી દોઢ લાખ જેટલી માછલીઓ માટેનો આ વર્ક ઓર્ડર અપાયો છે.

---

## આયુષ્ મેડિકલ ઓફિસરોની નિમણૂક

જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જીલ્લામાં ખાલી પડેલી ૧૬ જેટલી આયુષ મેડિકલ ઓફિસરોની જગ્યા ભરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ માટે ૬૦૦ જેટલા ઉમેદવારોએ રસ દાખવ્યો હતો. ઉમેદવારોના મેરિટના આધારે પ્રથમ ૪૩ ઉમેદવારોને જીલ્લા પંચાયત કચેરીમાં સ્થળ પસંદગી માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાંથી માત્ર ૧૨ ઉમેદવારો જ હાજર રહ્યા હતા અને ૮ ઉમેદવારોએ સ્થળ પસંદગી કરી હતી, જ્યારે બાકીના ૪ ઉમેદવારોએ સ્થળ પસંદ કર્યું ન હતું. હવે બાકીની ૮ જગ્યા ભરવા માટે મેરિટના આધારે ઉમેદવારોને આગામી દિવસોમાં સ્થળ પસંદગી માટે બોલાવવામાં આવશે.

---

## ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

ભુજ તાલુકાના માધાપર, મિરઝાપર અને સુખપર વિસ્તારના ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ વિધવા સહાય મેળવતા લાભાર્થી બહેનોએ આ સહાય ચાલુ રખાવવા ખુદની હયાતીની ખરાઇ કરવાની હોવાથી મામલતદાર ભુજ શહેરની કચેરી ખાતે લાભાર્થી બહેને રૂબરૂ આવી આધારકાર્ડની નકલ, બેંક, પાસબૂકની નકલ, પાસપોર્ટ સાઇઝનો ફોટો આગામી તા. 31 જુલાઇ સુધી જમા કરાવી અને ખરાઇ કરાવી જવા ભુજ શહેર મામલતદાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------